# મતદાન કરવાં માટે કેવી રીતે રજીસ્ટર થવું

દરેક બ્રીટીશ, કોમનવેલ્થ અને રીપબ્લીક ઓફ્ આયરલેન્ડનાં નાગરિકો કે જે બ્રીટનમાં રહે છે તેઓ આ દેશની ચૂંટણીમાં મત આપવાં લાયક હોય છે. બાકી બધાં યુરોપીયન યુનિયનનાં નાગરિકો યુરોપીયન પાર્લામેન્ટરી ચૂંટણીઓમાં અને અહીં થતી સ્થાનિક ચૂંટણીઓમાં મત આપવાં લાયક હોય છે. ક્યા ક્યા દેશો તેમાં આવે છે તે જાણવાં નીચેની લીન્ક પર ક્લીક કરો.

<u>લાયક દેશો</u>

તમે મત તો જ આપી શકો કે જો તમારૂં નામ મતદારોનાં રજીસ્ટર(કિ જે મતદાર યાદી તરીકે પણ ઓળખાય છે)તેમાં હોય. દર ઓટમમાં તમને તમારાં ઘરે જે ફોર્મ મોકલવામાં આવે છે તમારે તે ભરીને પાછું મોકલવું જ જોઇએ. દર વરસે ૧લી ડીસેમ્બરે અમે નવું રજીસ્ટર બહાર પાડીયે છીએ.

અમે આખાં વરસ દરમ્યાન તેમાં નામ ઉમેરી, કાઢી કે તેમાં ફેરફાર કરી શકીએ છીએ અને ડીસેમ્બર અને ઓગષ્ટ મહીનાં દરમ્યાંન દર મહીને અમે તે રજીસ્ટર ફરીથી તૈયાર કરીએ છીએ.

જો તમે બીજાં સરનામાં પર રહેવાં જાઓ તો તમારે નવું રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું પડશે. એક ફોર્મ દીઠ ફક્ત એક વ્યક્તી જ  અરજી કરી શકે અને તમારે તમારાં ફોર્મમાં સહી કરવાંની રહેશે, તમારાં માટે કોઇબીજી વ્યક્તી તે કરી શકે નહીં.

કાઉન્સીલ ટેક્સનાં લીસ્ટમાં તમારૂં નામ હોય તો તેનો મતલબ તેવો નહીં કે તમે મતદાન માટે રજીસ્ટર થયેલાં છો.

આ ફોર્મ ડાઉનલોડ કરવાં માટે નીચેની લીન્ક પર ક્લીક કરો.

<u>રજીસ્ટ્રેશન ફોર્મ</u>

જો આપને મદદની જરૂરત હોય તો મહેરબાની કરીને ઇલેક્ટ્રોલ રજીસ્ટ્રેશન સર્વીસને 020 8871 6023 પર ફોન કરો અથવા (અંગ્રેજીમાં મદદ માટે) વોન્ડઝવર્થ ઇન્ટરપ્રીટીંગ સર્વીસને 020 8672 1043 પર ફોન કરો.

"How to vote" - (Gujarati)
September 2007
Translated by Wandsworth Interpreting Service